અપીલ અરજી નં.૨૯૧ તા .૨૩–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અમરનાથ ત્રિપાઠી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરનાથ ત્રિપાઠીની તા. ૧૭–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) વાસણવાળા કમ્પાઉન્ડ સ્થિત પ્લોટ નં. ૪,૫ સહિત લગભગ ૧૫૦ ફુટ લાંબી બહુમંજીલ ઈન્ડસ્ટ્રીયલ બાંધકામની વિકાસ પરવાનગી બાબત વિ.મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૯૧/૨૦૧૧–૧૨

શ્રી અમરનાથ ત્રિપાઠીની તા. ૧૭–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) વાસણવાળા કમ્પાઉન્ડ સ્થિત પ્લોટ નં. ૪,૫ સહિત લગભગ ૧૫૦ ફુટ લાંબી બહુમાળી ઈન્ડસ્ટ્રીયલ બાંધકામની વિકાસ પરવાનગી બાબત વિ.મુદ્દા નં.(૧) થી (૭)ની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન / ટેક/૩૫૧ તા. ૭–૯–૧૧થી માહિતી પુરેપુરી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૩– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે બાબત હેઠળના બાંધકામ અંગે મુદ્દા નં. ૫ની વિગતે થયેલ–ન થયેલ કાર્યવાહીની દફતરી વિગત જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૧ તા.૧–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૮૬૩ તા.૨૭–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૩૫૧ તા.૭–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૮–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૩૫૧ તા.૭–૯–૧૧ થી સમય મર્યાદામાં માહિતી આપેલ છે. જે અંગે અરજદારે ગેરકાયદેસર બાંધકામની વિરુધ્ધમાં કરેલ કાર્યવાહીની વિગત આપેલ નથી તેવું જણાવી અરજદારે તા.૨૩–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારના અરજીના મુદ્દા નં. (૧) વાસણવાળા કમ્પાઉન્ડ સ્થિત પ્લોટ નં. ૪,૫ સહિત લગભગ ૧૫૦ ફુટ લાંબી બહુમાળી ઈન્ડસ્ટ્રીયલ બાંધકામની વિકાસ પરવાનગી બાબત. મુદ્દા નં.(૨) સદર બાંધકામનું ક્ષેત્રફળ, પાર્કીગની જગ્યા વિગેરે ની માહિતી. મુદ્દા નં.(૩) સદર બાંધકામની કેટલા માળનું છે તેની સંખ્યાની માહિતી. મુદ્દા નં.(૪) સદર બાંધકામની ટીપી ધ્વારા મળેલ પરમીશનની નકલ તથા તેની વિગત. મુદ્દા નં. (૫) સદર બાંધકામની પરમીશન મળેલ ન હોય તો મહાનગરપાલિકા ધ્વારા આપેલ નોટીસની એક નકલ તથા કરેલી કાર્યવાહીની માહિતી. મુદ્દા નં.(૬) સદર બાંધકામ પરમીશન પહેલા શરૂ કરેલ છે કે ત્યાર પછી શરૂ કરેલ છે તેની તારીખ સહિતની માહિતી. મુદ્દા નં.(૭) બીજી આવશ્યક જાણકારી જનહિતની હોય તેની માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી " વાસણવાળા કંપાઉન્ડ સ્થિત પ્લોટ નં.૪, ૫ માંના બાંધકામને ઉધનાઝોન કક્ષાએથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. આમ ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧ થી ૪ તથા ૬ અંગે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ જણાય છે. પરંતુ મુદ્દા નં.૫ અંગે કોઈ માહિતી પૂરી પાડયાનું જણાતું નથી કે કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદ જણાવી ઈન્કાર કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૫ ની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી અમરનાથ ત્રિપાઠી,